**અગ્રતા–૧૧**

**શ્રી હર્ષદભાઇ પટેલ (સાબરમતી)**

**પ્રશ્ન-૧** **વર્ષ:૨૦૨૩–૨૪માં અમદાવાદ જિલ્લામાં એકીકૃત ઘાસચારા વિકાસ કાર્યક્રમ યોજના હેઠળ તાલુકાવાર કેટલી બિયારણ કિટ વિતરણ કરેલ છે?**

**અને મારો બીજો પ્રશ્ન છે કે તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?**

**જવાબ** **માન. અધ્યક્ષશ્રી,**

**માન. સભ્યશ્રીના પ્રશ્નોના જવાબમાં જણાવુ તો....**

પશુપાલન વ્યવસાય એ ખેતીનો પુરક વ્યવસાય ન રહેતા તે કૃષિ અને કૃષિ સંલગ્ન પ્રવૃત્તિઓ માટે ગ્રોથ એન્જીનનું કામ કરી રહેલ છે. જેમાં દુધ ઉત્પાદન વ્યવસાય માટે લીલાચારાની ઉપલબ્ધી એ મુખ્ય પરિબળ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

દિવસે–દિવસે ખેતીની જમીન ઘટવાને કારણે ટુંકી જમીનમાં વધુ ઉત્પાદન આપતી ઘાસચારાની જાતો ઉગાડી, વધુ વાઢ લઈને ઘાસચારા તથા બિયારણની જાતોનુ વાવેતર પશુપાલકો કરે તે અત્યંત જરુરી છે.

**માન. અધ્યક્ષશ્રી,**

તેથી આ સુધારેલ જાતના બિયારણ કીટના વાવેતર બાદ અન્ય પશુપાલકોને નિદર્શનનાં રૂપમાં બતાવ્યેથી તેઓને સારી ગુણવત્તાવાળા ઘાસચારાના વાવેતર માટે પ્રોત્સાહન મળે અને સાથોસાથ તેનો પ્રચાર અને પ્રસાર થાય છે.

**માન. અધ્યક્ષશ્રી,**

પશુપાલકો ઘાસચારાની નવી આધુનિક જાતોથી વાકેફ થાય અને આ ઘાસચારાની જાતો વાવતા થાય તે આ યોજનાનો મુખ્ય હેતુ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

**તાલુકાવાર આપેલ કીટ અને ખર્ચની વિગતો જણાવુ તો...**

- દસક્રોઈ તાલુકામાં ૬૨૫ કીટ અને રૂ. ૩ લાખ ૬૧ હજાર ૩૫૦
- ધોળકા તાલુકામાં ૬૨૫ કીટ અને રૂ. ૩ લાખ ૬૧ હજાર ૩૫૦
- બાવળા તાલુકામાં ૬૨૩ કીટ અને રૂ. ૩ લાખ ૬૦ હજાર ૫૫
- ધંધુકા તાલુકામાં ૪૩૧ કીટ અને રૂ. ૨ લાખ ૪૫ હજાર ૮૧૦
- ધોલેરા તાલુકામાં ૨૩૭ કીટ અને રૂ. ૧ લાખ ૩૬ હજાર ૫૫૦
- સાણંદ તાલુકામાં ૪૯૯ કીટ અને રૂ. ૨ લાખ ૮૭ હજાર ૯૬૦
- વિરમગામ તાલુકામાં ૪૪૭ કીટ અને રૂ. ૨ લાખ ૫૪ હજાર ૨૨૨
- માંડલ તાલુકામાં ૪૪૭ કીટ અને રૂ. ૨ લાખ ૫૪ હજાર ૨૨૨
- દેત્રોજ તાલુકામાં ૪૫૬ કીટ અને રૂ. ૨ લાખ ૬૦ હજાર ૭૩૨

**આમ ૪૩૯૦ કીટ વિતરણ કરવામાં આવેલ અને રૂ ૨૫ લાખ ૨૨ હજાર ૨૫૨નો ખર્ચ થયેલ છે**

**અગ્રતા–૧૧**

**શ્રી બાબુભાઇ પટેલ (દસક્રોઇ)**

**પ્રશ્ન-૨** **ઘાસચારા વિકાસ યોજના માટે ઘાસચારા મીનીકીટની સહાય માટે શરતો અને બોલીઓ શું છે?**

**જવાબ** **માન. અધ્યક્ષશ્રી, માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો**

- ઘાસચારા મીનીકીટસનો લાભ સામાન્ય જાતિ, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ એમ તમામ વર્ગના પશુપાલકોને આપવાનો રહેશે.
- અરજી પત્રક પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર અથવા પશુદવાખાના ખાતેથી સ્વીકારવાનું રહેશે.
- અરજી પત્રક સાથે ૭–૧૨, ૮–અની નકલ અને જો ભાડાપટ્ટે જમીન લીધેલ હોય તો તેનું કરારનામું સામેલ કરવું જરૂરી છે.
- અરજદાર પશુઓ રાખતો હોવો જોઈએ.
- પોતાની જમીન હોવી જરૂરી છે અથવા એક વર્ષ કે તેથી વધુ સમય માટે ભાડા પટ્ટે લીધેલ હોવી જોઇએ
- ઘાસચારા પ્લોટ બનાવ્યા બાદ સ્થાનિક પશુધન નિરિક્ષક અથવા પશુચિકિત્સા અધિકારીને બતાવવો જરૂરી છે.
- કાપણી બાદ ઉત્પન્ન થયેલ ચારાનું વજન પશુચિકિત્સા અધિકારી અથવા પશુધન નિરિક્ષકને ત્યાં નોંધ કરાવવાનું રહેશે
- ઘાસચારા પ્લોટ અન્ય ખેડુતોને બતાવી તેના લાભનું નિદર્શન કરવું.

અગ્રતા–૧૧

**શ્રી કનુભાઇ પટેલ (સાણંદ)**

**પ્રશ્ન-૩** **અમદાવાદ જિલ્લામાં કઇ ઋતુમાં કયા કયા ઘાસચારા પાકની કેટલી કીટ આપવામાં આવી ?**

**જવાબ** **માન. અધ્યક્ષશ્રી, માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો**

**ચોમાસું ઋતુંમાં,**

- સર્ટીફાઇડ મકાઈ આફ્રિકન ટોલ જાતની ૧૯૨ કીટ
- સર્ટીફાઇડ ફોડર બાજરા BAIF–1 જાતની ૧૪૩૧ કીટ
- સર્ટીફાઇડ જુવાર CSH-24 MF જાતની ૧૩૨૭ કીટ

**શિયાળુ ઋતુંમાં,**

- સર્ટીફાઇડ ઓટ કેન્ટ જાતની ૭૦૩ કીટ
- સર્ટીફાઇડ રજકો આણંદ–૨ જાતની ૭૩૭ કીટ

આમ ચોમાસું અને શિયાળુ ઋતુ કુલ ૪૩૯૦ કીટ આપવામાં આવ્યા